અરવલ્લીમાં કોંગ્રેસના ૫૦ કાર્યકર એઆઈએમઆઈએમમાં જોડાયા

૨૮ ફેબ્રુઆરીએ મોડાસા નગરપાલિકાની ૯ વોર્ડની ૩૬ બેઠક માટે મતદાન

અરવલ્લી, હૈદરાબાદના સાંસદ અને એઆઈએમઆઈએમના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. ઓવૈસીની જાહેરાત બાદ કોંગ્રેસમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. અરવલ્લીમાં કોંગ્રેસના નગરસેવક સહિત ૫૦ કાર્યકરો એઆઈએમઆઈએમમાં જોડાયા હતા. મહત્વપૂર્ણ છે કે ૨૮ ફેબ્રુઆરીએ રાજયમાં નગરપાલિકા-તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાશે. અરવલ્લીના મોડાસામાં એઆઈએમઆઈએમ ચૂંટણીના મેદાનમાં ઉતરી છે. ઓવૈસીની પાર્ટીએ કોંગ્રેસના ગઢમાં ગાબડુ પાડ્યુ છે. ૫ અપક્ષ નગરસેવક સહિત ૫૦ કોંગ્રેસના કાર્યકર ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમિનમાં જોડાયા છે. કોંગ્રેસના વધુ કાર્યકર આ પાર્ટીમાં જોડાય તેવો દાવો પણ કરવામાં આવી રહ્યો છે. મહત્વપૂર્ણ છે કે એઆઈએમઆઈએમના ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ બનાવવામાં આવેલા સાબીર કાબલીવાલા પણ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય રહી ચુક્યા છે. એઆઈએમઆઈએમ સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડતા મોડાસા નગરપાલિકાનો ચૂંટણી જંગ રસપ્રદ બની ગયો છે. ભાજપ-કોંગ્રેસ સિવાય એઆઈએમઆઈએમ પણ ચૂંટણીના મેદાનમાં આવી ગઈ છે. મોડાસા નગરપાલિકા ભાજપના હાથમાં હતી. ભાજપે ૫ અપક્ષના કોર્પોરેટરની મદદથી સત્તા મેળવી હતી. જોકે, હવે ૫ અપક્ષના કોર્પોરેટર એઆઈએમઆઈએમ જોડાતા આ ચૂંટણી જંગ રસપ્રદ બની ગયો છે. મોડાસામાં છેલ્લા ૨૫ વર્ષથી નગરપાલિકામાં ભાજપનું શાસન છે. આ વખતની નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ સિવાય આમ આદમી પાર્ટી અને અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી એઆઈએમઅ ાઈએમ પણ ચૂંટણીના મેદાનમાં છે. મોડાસા નગરપાલિકાની ૯ વોર્ડની ૩૬ બેઠકની ચૂંટણીમાં ૧ બેઠક અનુસુચિત જાતિ સ્ત્રી, ૧ બેઠક આદીજાતી સ્ત્રી, બેબેઠક પછાત વર્ગસ્ત્રી અનેસામાન્ય સ્ત્રીની ૧૪ બેઠકો મળી કુલ ૧૮ બેઠકો સ્ત્રીઓ માટે નિયમ મુજબ અનામત કેટેગરીમાં ફાળવવામાં આવી છે. જ્યારે ૧૫ બેઠકો સામાન્ય ઠરાવાઈ છે.

મહેસાણા જિલ્લામાં પાક અને સ્વરક્ષણના પરવાનેદારોને હથિયાર જમા કરાવવા આદેશ

મહેસાણા, મહેસાણા જિલ્લામાં આગામી દિવસમાં જિલ્લા-તાલુકા પંચાયત અને ચાર નગરપાલિકાઓ માટે સામાન્ય ચૂંટણીઓ યોજવાની જાહેરાત કરવામાં આવી છે. ચૂંટણીઓ ભયમુક્ત, ન્યાયી અને શાતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી તેમજ વહિવટી તંત્રએ કાયદો અને વ્યવસ્થા જાળવવા કેટલાક આદેશો કર્યા છે. જેમાં હથિયાર ધારણ કરનાર પરવાનેદારોને પોતાના હથિયાર સંબંધિત પોલીસ મથકોમાં જમા કરાવવા આદેશ કરાયા છે. રાજ્ય ચૂંટણી પંચ તરફથી સ્થાનિક સ્વરાજ સંસ્થાની ચૂંટણીની જાહેરાત કરતાં રાજકીય તેમજ વહિવટી ક્ષેત્રમાં ધમધમાટ શરૂ થયો છે. જિલ્લામાં ૪૨ બેઠકો ધરાવતી એક જિલ્લા પંચાયત, ૧૦ તાલુકા પંચાયતો અને ૪ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. ચૂંટણી દરમિયાન ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે હેતુથી પોલિસ વિભાગ દ્વારા અશાંતિ ફેલાવે તેવી વ્યક્તિઓની સારી વર્તણૂંક માટે જામીન લેવા, જરૂર પડે તો અટકાયત કરવી તેમજ નોન-બેલેબલ વોરંટની બજવણી કરવા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જિલ્લામાં ચૂંટણી અનુલક્ષીને સ્વ અને પાક રક્ષણ માટે હથિયાર ધારણ કરનાર પરવાનેદારોને પોતાના હથિયાર નજીકના પોલીસ મથકોમાં જમા કરાવવા આદેશ કરવામાં આવ્યા છે. જિલ્લામાં ૯૫૦થી વધુ પરવાનેદારો હથિયાર ધરાવે છે. જિલ્લાના તમામ પોલીસ મથકોમાં હથિયાર જમા કરવાની કાર્યવાહી શરૂ કરાઈ છે.

મહેસાણા જિલ્લામાં એક દિવસમાં ૬૪ સ્થળે ૧૯૧૫ને રસીકરણ કરાયું

Coronavirus
COVID-19
Vaccine

મહેસાણા, મહેસાણા જિલ્લામાં શુક્રવારે ૬૪ સ્થળે કોરોના વેક્સિનેશન કાર્યક્રમ હાથ ધરાતાં એક જ દિવસમાં ૧૯૧૫ આરોગ્યકર્મીઓએ રસી લીધી હતી. ઉલ્લેખનિય છે કે, -થમ તબક્કામાં આઠ દિવસના કાર્યક્રમ અંતર્ગત કુલ ૫૭૫૫ સરકારી અને ખાનગી આરોગ્યકર્મીઓને -થમ ડોઝ આપી સુરક્ષિત કરાયા છે. જિલ્લામાં -થમ તબક્કામાં હાથ ધરાયેલા રસીકરણ કાર્યક્રમ અંતર્ગત ૧૬ જાન્યુઆરીએ -થમ દિવસે પાંચ સ્થળે કુલ ૫૦૩ આરોગ્ય કર્મચારીઓએ વેક્સિનેશનનો લાભ લીધો હતો. ત્યાર બાદ ૧૯ જાન્યુઆરીએ ૪૧૩, ૨૧મી જાન્યુઆરીએ ૨૫૬, ૨૨ જાન્યુઆરીએ ૩૨૪, ૨૩મી જાન્યુઆરીએ ૭૦૦, ૨૫મી જાન્યુઆરીએ ૧૦૦, ૨૮મી જાન્યુઆરીએ ૧૫૪૨ મળીને સાત દિવસમાં કુલ ૩૮૪૦ આરોગ્યકર્મીઓને રસી અપાઈ હતી. જ્યારે શુક્રવારે જિલ્લામાં એક જ સાથે ૬૪ સ્થળે કોરોના રસીકરણ અભિયાન હાથ ધરાયું હતું. જેમાં બહુચરાજી તાલુકામાં ૧૨ સ્થળે ૩૦૮, જોટાણા તાલુકામાં ૭ સ્થળે ૧૨૯, કડી તાલુકામાં ૧૮ સ્થળે ૬૬૪, ખેરાલુ તાલુકામાં ૯ સ્થળે ૪૧૭, મહેસાણા તાલુકામાં ૨૪ સ્થળે ૧૭૨૧, સતલાસણા તાલુકામાં ૬ સ્થળે ૩૪૪, ઊંઝા તાલુકામાં ૧૧ સ્થળે ૪૦૦, વડનગર તાલુકામાં ૧૨ સ્થળે ૪૩૮, વિજાપુર તાલુકામાં ૧૭ સ્થળે ૭૮૪ અને વિસનગર તાલુકામાં ૧૮ તાલુકામાં ૫૫૦ મળીને કુલ ૧૯૧૫ ખાનગી અને સરકારી આરોગ્ય કર્મચારીઓને રસીકરણ કરાયું હતું.

પશ્ચિમ રેલ્વે દ્વારા અમદાવાદથી પસાર થતી ૫ જોડી ટ્રેનોમાં અસ્થાયીરૂપે વધારાના કોચ ઉમેરવામાં આવશે

અમદાવાદ, મુસાફરોની સગવડ માટે અને વધારાની સંખ્યામાં સમાયોજિત કરવા માટે, પશ્ચિમ રેલ્વે દ્વારા અસ્થાયી રૂપે અમદાવાદથી પસાર થતી ૫ જોડી ટ્રેનોમાં વધારાના કોચ ઉમેરવામાં આવશે.

અસ્થાયી રૂપે ઉમેરવાના વધારાના કોચની વિગતો નીચે આપેલ છેઃ - ૧. ટ્રેન નંબર ૦૨૯૭૧/૦૨૯૭૨ બાન્દ્રા ટર્મિનસ - ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસમાં એક વધારાનો સ્લીપર ક્લાસ કોચ ઉમેરવામાં આવશે. આ કોચ બાંદ્રા ટર્મિનસ (મંગળવાર, ગુરુવાર અને શનિવાર) થી ૦૨/૦૨/૨૦૨૧ થી ૨૭/૦૨/૨૦૨૧ અને ભાવનગર ટર્મિનસ (સોમવાર, બુધવાર અને શુક્રવાર) થી ૦૧/૦૨/૨૦૨૧ થી ૨૬/૦૨/૨૦૨૧ સુધી જોડવામાં આવશે .

૨. ટ્રેન નંબર ૦૯૪૫૫/૦૯૪૫૬ બાન્દ્રા ટર્મિનસ-ભુજ એક્સપ્રેસમાં એક વધારાનો સ્લીપર ક્લાસ કોચ ઉમેરવામાં આવશે. આ કોચ બાંદ્રા ટર્મિનસ (દૈનિક) થી ૦૨/૦૨/૨૦૨૧ થી ૦૧/૦૩/૨૦૨૧ અને ભુજ (દૈનિક) થી ૦૧/૦૨/૨૦૨૧ થી ૨૮/૦૨/૨૦૨૧ સુધી જોડવામાં આવશે.

૩. ટ્રેન નંબર ૦૯૧૧૫/૦૯૧૧૬ દાદર-ભુજ એક્સપ્રેસમાં એક વધારાનો સ્લીપર ક્લાસ કોચ ઉમેરવામાં આવશે. આ કોચ દાદરથી (દૈનિક) ૦૨/૦૨/૨૦૨૧ થી ૦૧/૦૩/૨૦૨૧ અને ભુજથી (દૈનિક) ૦૧/૦૨/૨૦૨૧ થી ૨૮/૦૨/૨૦૨૧ સુધી જોડવામાં આવશે.

૪. ટ્રેન નંબર ૦૨૯૪૧/૦૨૯૪૨ ભાવનગર ટર્મિનસ - આસનસોલ જંકશન એક્સપ્રેસમાં એક વધારાનો સ્લીપર કોચ ઉમેરવામાં આવશે. આ કોચ ભાવનગર ટર્મિનસ (મંગળવાર) થી ૦૨/૦૨/૨૦૨૧ થી ૨૩/૦૨/૨૦૨૧ અને આસનસોલ જંકશન (ગુરુવાર) થી ૦૪/૦૨/૨૦૨૧ થી ૨૫/૦૨/૨૦૨૧ સુધી જોડવામાં આવશે.

૫. ટ્રેન નંબર ૦૯૨૬૩/૦૯૨૬૪ પોરબંદર - દિલ્હી સરાઈ રોહિલા એક્સપ્રેસમાં વધારાનો સ્લીપર ક્લાસ કોચ જોડવામાં આવશે. આ કોચ પોરબંદર (મંગળવાર અને શનિવાર) થી ૦૨/૦૨/૨૦૨૧ થી ૨૭/૦૨/૨૦૨૧ અને દિલ્હી સરાઇ રોહિલા (સોમવાર અને ગુરુવાર) થી ૦૪/૦૨/૨૦૨૧ થી ૦૧/૦૩/૨૦૨૧ સુધી જોડવામાં આવશે.

પાલનપુરની કંપનીમાં ફરજ બજાવતો કર્મી રૂ, ૬.૬૨ લાખની ઉચાપત કરી ફરાર

પાલનપુર, પાલનપુર શહેરના આબુ હાઈવે સ્થિત આવેલ રિયા કાર્સ પ્રા.લી. કંપનીના સેલ્સ વિભાગમાં નોકરી કરનાર એક કર્મચારી ખોટી રસીદોના આધારે રૂ. ૬.૬૨ લાખની રકમ જમા નહીં કરાવી ઉચાપત કરી ફરાર થઈ ગયો.છે. આ ઉચાપત મામલે કંપનીના મેનેજરે આ શખ્સ વિરૂધ્ધ પાલનપુરના પ. પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઉચાપતનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે. માહિતી અનુસાર પાલનપુરના આબુ હાઈવે પર આવેલ રિયા કાર્સ પ્રા.લી. કંપનીમાં વિનોદ નરેશકુમાર મકવાણા (રહે. આવકાર સોસાયટી, સેન્ટપોલ સ્કૂલ પાછળ, પાલનપુર) નોકરી કરતો હતો. આ શખ્સે કંપની વતી ગ્રાહકોને ખોટી રસીદો બનાવી વાહનોના વેચાણના ડાઉન પેમેન્ટ, વીમાની તેમજ આરટીઓમાં જમા કરાવવાના નાણાં ઉઘરાવી લીધા હતા. આ નાણાં પેટેની રકમ રૂ. ૬,૬૨,૩૩૮ કંપનીમાં જમા નહીં કરાવી ઉચાપત કરી હતી. ઉપરાંત ગ્રાહકોના નામે આ શખ્સે ખોટી બાંહેધરી લખી કંપનીમાં રજૂ કરી હતી. ઉપરાંત આ શખ્સે ગ્રાહકોને ખોટી રસીદ આપી તેમની પાસેથી ગુગલ પે મારફત પોતાના અંગત એકાઉન્ટમાં નાણાં જમા કરાવ્યા હતા અને ખોટી રસીદ ઉપર કંપનીનો ગોળ સિક્કો મારી ખોટી સહી કરી હતી. ઉપરોક્ત ઉચાપતની જાણ કંપનીના મેનેજરને થતાં કર્મચારી વિનોદ નરેશકુમાર મકવાણા પાસે ખુલાસો માંગ્યો હતો. પરંતુ તે સંતોષકારક જવાબ ન આપતાં ઉચાપત કર્યા હોવાનો મામલો પ્રકાશમાં આવ્યો હતો. પાલનપુરની રિયા કાર્સ પ્રા.લી. કંપનીના જનરલ મેનેજર કૌશિકભાઈ નર્મદાશંકર રાવલે આ શખસ વિરૂધ્ધ પાલનપુર પ. પોલીસ મથકમાં નાણાં ઉચાપતની ફરિયાદ નોંધાવી હતી. પાલનપુર પોલીસે ઉચાપત કરી ફરાર થયેલ આરોપી કર્મચારી વિનોદ નરેશકુમાર મકવાણા સામે ગુનો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

ડીસાના કોમ્પ્લેક્સ પર ઊભા કરાયેલા ટાવર મુદ્દે નોટિસ ફટકારી

ડીસા, ડીસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અનેક રેસીડેન્સી વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ કરી શોપિંગ સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે જેને લઈને ડીસા શહેરની જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે.ત્યારે ડીસા પાટણ હાઈવે પર આવેલા એસવી પ્લાઝા શોપિંગ સેન્ટર ઉપર ખાનગી કંપની દ્વારા ટાવર ઊભો કરવામાં આવતો હોય જાગૃત નાગરિકો દ્વારા નગરપાલિકામાં રજૂઆત કરાતા ડીસા નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા ખાનગી કંપનીના માલિકને નોટિસ ફટકારી ખુલાસો માંગવામાં આવ્યો છે. જ્યારે સમગ્ર મામલે ડીસા નગરપાલિકાના ચીફ ઓફિસર સાથે ટેલિફોનિક વાતચીત કરતા જણાવ્યું હતું કે એસવી પ્લાઝા શોપિંગ સેન્ટર ઉપર ઈન્ડસ ટ્રાવર્સ લિમિટેડ કંપની દ્વારા નગરપાલિકાની કોઈપણ જાતની મંજૂરી લીધા વગર ટાવર ઊભો કરવામાં આવ્યો છે જેને નગરપાલિકાના ધ્યાનમાં આવતા કંપનીને નોટિસ આપી ખુલાસો માગવામાં આવેલ છે જો ઈન્ડસ ટાવર લિમિટેડ કંપની દ્વારા આ ટાવર હટાવવામાં નહી આવે તો નગરપાલિકા દ્વારા તેમની સામે કાયદાની જોગવાઈ મુજબ કડક કાર્યવાહી કરશે જ્યારે ડીસા શહેરમાં અનેક રેસીડેન્સી વિસ્તારમાં કેટલીક ખાનગી કંપનીઓ દ્વારા પોતાના ટાવરો ઉભા કરવામાં આવ્યા છે જેને લઈને ડીસા શહેરની જનતા પરેશાન થઈ ચૂકી છે ત્યારે ડીસા નગરપાલિકા દ્વારા આજે ખાનગી કંપની સામે નોટિસ ફટકારી કાર્યવાહી કરવામાં આવતા શહેરમાં નિતી નિયમ ને ઘોળીને પી જતા ટાવર કંપનીઓના માલિકો ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

સાબરકાંઠાના ૧૯૩૧૬૮ બાળકોને પોલિયો નાબુદી અભિયાન અંતર્ગત રસી પીવડાવાશે

હિંમતનગર, સાબરકાંઠા જિલ્લામાં બાળ લકવા નાબુદી અભિયાન અંતર્ગત નવજાત શિશુથી ૫ વર્ષ સુધીના બાળકોને બાળ લકવા વિરોધી રસી આપવા માટે આયોજન કરવામાં આવ્યું છે. જે તા.૩૧ જાન્યુઆરી થી તા.૨ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી બાળ લકવા નાબુદી અભિયાન ચલાવવામાં આવશે. આ અભિયાનની શરૂઆત તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૧ના આઈ.પી.પી.આઈ. -ેગ્રામમાં કુલ ૮ તાલુકા હેલ્થ કચેરીઓ વિસ્તારના, ૪૮ -ા.આ. કેન્દ્ર તેમજ શહેરી આરોગ્ય કેન્દ્રો વિસ્તારમાં કુલ ૮૮૧ પોલિયો રસીકરણ બુથ તેમજ ૩૯ ટ્રાન્ઝીટ પોઈન્ટ તેમજ ૧૩ મોબાઈલ ટીમો મારફતે જિલ્લાના તમામ ૦ થી ૫ વર્ષ સુધીના ૧૯૩૧૬૮ બાળકોને પોલિયો વિરોધી રસીથી રક્ષિત કરવા માટે આયોજન કરાયુ છે. સમગ્ર કાર્યક્રમમાં કુલ ૮૮૧ પોલિયો બુથો ઉપર ૩૫૨૪ આરોગ્ય કાર્યકરો તેમજ સ્વયંસેવકો મારફતે પોલિયો રસીકરણ બુથો ઉપર તેમજ ઘરે ઘરે ફરીને ૧૭૬૨ ટીમો દ્વારા પોલિયો રસીકરણ કામગીરી કરવા તાલીમ આપવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાં જિલ્લાના લાયઝન અધિકારીઓ તેમજ ૧૭૩ સુપરવાઈઝરો દ્વારા પોલીયો રસીકરણ કામગીરીનું સુપરવિઝન અને મોનીટરીંગ કામગીરી કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. પાટણઁ પલ્સ પોલીયો કાર્યક્રમ અંતર્ગત આગામી તા.૩૧ જાન્યુઆરીથી તા.૦૨ ફેબ્રુઆરી સુધી જિલ્લાના જન્મથી પાંચ વર્ષ સુધીના બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવશે. આ માટે આરોગ્ય વિભાગ દ્વારા સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે. જિલ્લામાં તા.૩૧ જાન્યુઆરી,૨૦૨૧ અંતર્ગત જન્મથી પાંચ વર્ષ સુધીના ૧,૮૦,૭૪૨ બાળકો નોંધાયેલા છે. આ તમામ બાળકોને પોલીયોની રસી મળી રહે તે માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં ૮૯૭ બુથ, બસ સ્ટેશન અને બજાર જેવા વિસ્તારોમાં ૫૯ ટ્રાન્ઝીટ પોઈન્ટ ઉપરાંત ઈંટભઠ્ઠા, અગરીયા વિસ્તાર, માઈગ્રેટરી સાઈટ, રોડની આજુબાજુના વિસ્તારોના કામદારના બાળકોના રસીકરણ માટે ૨૦૮ જગ્યાઓઍ મોબાઈલ ટીમનું આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીયો રસીકરણના ગત રાઉન્ડ જાન્યુઆરી,૨૦૨૦માં આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના કુલ ૧,૮૭,૩૭૩ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી.

Nandini Texcom (India) Limited

B-304, International Commerce Center, Near Kadiwala School, Ring Road, Surat - 395002
Phone : 0261-4004596, Email : nandinitexcom@hotmail.com
CIN : L65910GJ1994PLC021165 www.nandinitex.com

Notice

Notice is hereby given that a Meeting of the Board of Directors of the Company (vide serial no. NTIL/BM/Q4/20-21/6) is scheduled to be held on Wednesday, 3rd day of February, 2021 at 3.00 P.M. at registered office of the Company B-304, International Commerce Center, Near Kadiwala School, Ring Road, Surat - 395002 IN, Gujarat.

To consider and inter alia to approve the quarterly un-audited Result and limited review reports of the Company for the quarter ended on 31st December, 2020 and any other matter with the permission of chair.

For, on the behalf of the board
Sd/-
Nishtha Pamnani
(Company Secretary)

Place : Surat
Date: 31-01-2021

ટોય ફેરમાં સરસ્વતી તાલુકાની ત્રણ કૃતિઓની રાજ્યકક્ષાએ પસંદગી

પાટણ, બાળકોને અધ્યયન અધ્યાપન -ક્રિયા અને શિક્ષણ કાર્યમાં સામેલ કરીને સક્રિય અને આનંદકારક શિક્ષણ -દાન કરવાના લક્ષ્ય સાથે અને દેશી રમકડા ઉદ્યોગને -ેત્સાહન આપવા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ આયોજિત જિલ્લા કક્ષાનો વર્ચ્યુઅલ ટોય ફેર તાજેતરમા યોજાયો હતો. જેમાં પૂર્વ -ાથમિકથી ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લઈ બનાવેલા રમકડાનું ઓનલાઇન -ેઝન્ટેશન રજૂ કર્યું હતું. આ ટોય ફેરમાં કુલ ૨૧ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જે પૈકી સરસ્વતી તાલુકાના ત્રણ સ્પર્ધકોની કૃતિઓ રાજ્યકક્ષાએ ભાગ લેવા માટે પસંદગી પામતા ઉપરોક્ત ત્રણ કૃતિઓ આગામી દિવસોમાં રાજ્યકક્ષાએ યોજાનારી સ્પર્ધામાં જિલ્લાનું -તિનિધિત્વ કરશે. કૃતિઓના સ્પર્ધકમાં પટેલ વિનોદચંદ્ર - હનુમાનપુરા શાળા, અઘાર ક્લસ્ટર, શ્રીમાળી નિલેશભાઈ - અઘાર સી.આર.સી અને પટેલ જીજ્ઞાશાબેન - ઘચેલી શાળા, વાયડ ક્લસ્ટર આ ત્રણેય સારસ્વતોને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ તથા સરસ્વતી લાયઝન પીનલબેન ગોરડીયા, તાલુકા -ાથમિક શિક્ષણાધિકારી અલ્કેશભાઈ મોદી અને બીઆરસી કો.ઓર્ડીનેટર દિલીપભાઈ નાયી દ્વારા અભિનંદન સાથે રાજ્યકક્ષાએ પણ કૃતિઓ પસંદગી પામે તે માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

ખોટા હુકમ દ્વારા સહકારી મંડળીને ગૌચર ફાળવનાર તત્કાલીન અધિકારી સામે FIR

ડીસા, ડીસા તાલુકામાં ગેરકાયદે સરકારી અધિકારીએ ગામની ગૌચર જમીન સહકારી મંડળીને ફાળવી દેવાની ઘટના બનવા પામેલ છે જે મામલો ડીસા કોર્ટ સુધી પહોંચતા બનાસકાંઠા જિલ્લા પંચાયતે વહીવટી તપાસની કાર્યવાહી યથાવત રાખી હતી.આ સમગ્ર ઘટનાક્રમમાં હવે તત્કાલીન અધિકારી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવાનો હુકમ થતાં ડીસા ટીડીઓએ બનાવટી કાગળો બનાવી ગેરકાયદે હુકમ કરનાર સસ્પેન્ડેડ નાયબ પશુપાલન નિયામક શશીકાંત પટેલ વિરુદ્ધ આગથળા પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે. ડીસા તાલુકાના સરત ગામે સરકારી જમીનની ગેરકાયદે ફાળવણીની ઘટના વર્ષ ૨૦૧૯ દરમ્યાન બની હતી. જેમાં પંચાયતના નાયબ પશુપાલન નિયામક ડો. શશીકાંત ડાહ્યાલાલ પટેલે ગામની ધી સરત સામુદાયિક સેવા સહકારી મંડળીને ખોટાં કાગળો બનાવી ગૌચર જમીન આપી દીધી હતી. આ અધિકારી દ્વારા અદલ સરકારી જેવા કાગળો ઉભા કરી સત્તા બહાર જઈ ૨૦ હેક્ટર ગૌચર જમીન આપી હતી. ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડની કચેરીના બનાવટી હુકમ તૈયાર કરી બાગાયતી અને ફળફળાદી માટે મંડળીને ફાળવી દીધી હતી. જેની વિગતો સામે આવતાં ખાત્રી કરાવતાં જિલ્લા પંચાયત અને ગૌચર બોર્ડના અધિકારીઓ ચોંકી ગયા હતા. તપાસ કાર્યવાહીને અંતે જિલ્લા પંચાયતે કબ્જો છોડાવવા મહેનત કરી પણ મામલો કોર્ટમાં પહોંચી ગયો હતો. આ તમામ ગતિવિધિઓ વચ્ચે બનાસકાંઠા ડીડીઓ દ્વારા આદેશ થતાં ડીસા ટીડીઓ ભૂપેન્દ્ર સોલંકીએ તત્કાલીન પશુપાલન અધિકારી વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરાવી હતી. ગૌચર બોર્ડના સભ્ય સચિવે પત્ર નં.ગગવબ/હિસાબી/૨/૨૦૧૯થી સ્પષ્ટતા કરી હતી. જેમાં જણાવ્યું હતુ કે, ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડની કચેરી તરફથી આ જમીનનો હુકમ કરવાની સત્તા કોઈને આપેલી નથી. અન્ય કોઇ અધિકારીને આવી કોઈ સત્તા આપી નથી. નાયબ નિયામક ફરજ બજાવતાં શશીકાંત પટેલ ગૌચર બોર્ડની કચેરીના વડા ન હોવાથી સત્તા બહાર અને નિયમ વિરુદ્ધ ગેરકાયદે હુકમ કર્યો હતો. તેઓની કચેરીની સહાય અંગેના તમામ હુકમ કચેરીના વડાની સહીથી કરવામાં આવે છે. ડૉ. શશીકાંત પટેલ તા ૨૦/૦૮/૨૦૧૮ થી તા. ૭/૦૬/૨૦૧૯ સુધી બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતાં હતા.

૪ પાલિકાની આખરી મતદારયાદી ૨ ફેબ્રુ.એ પ્રસિદ્ધ થશે

મહેસાણા, મહેસાણા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની સામાન્ય ચૂંટણીઓ પૈકી ચાર નગરપાલિકાઓની પણ ચૂંટણી યોજવા રાજ્ય ચૂંટણી પંચે જાહેરાત કરી દીધી છે. મહેસાણા , ઉંઝા, કડી તેમજ વિસનગર પાલિકાઓની યોજાનાર ચૂંટણી પૂર્વે ૨જી ફેબ્રુઆરીએ મતદારયાદીની આખરી -સિદ્ધિ કરવાનો આદેશ આપ્યો છે. જેમાં સમાવિષ્ટ મતદારો જ ચૂંટણીપંચના નિયત કરેલા આધાર-પુરાવા રજુ કરી મતદાન કરી શકશે. ઉલ્લેખનીય છે કે, જિલ્લાની ઉપરોક્ત ચાર પાલિકા માટે ગત ૫મી જાન્યુઆરીએ મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ કરવામાં આવી હતી.

હવા એન્જીનીયર્સ લીમીટેડ

સીઆઈએનઃ L29120GJ1993PLC019199
રજીસ્ટર્ડ ઓફિસઃ પ્લોટ નં. ૧૨૯, કાશીરામ ટેક્ષટાઈલ મીલ પાસે , નારોલ રોડ,
અમદાવાદ,ગુજરાત - ૩૮૨૪૦૫,
ઈમેલ : cs@hawaengltd.com

નોટીસ

રેગ્યુલેશન ૪૭ સાથે વંચાણમાં લેતા રેગ્યુલેશન ૨૯ સીક્યુરીટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસક્લોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ અનુસાર નોટીસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટીંગ **સોમવાર, ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ કંપની ની રજીસ્ટર્ડ ઓફીસે બીજી બાબતોની સાથે - સાથે ૩૧ડિસેમ્બર, ૨૦૨૦ રોજ પૂર્ણ થયેલ નવ માસિકના અંતે કંપનીના સ્ટેન્ડઅલોન અનઓડીટેડ ફાઈનાન્શીયલ રીઝલ્ટને ધ્યાનમાં લેવા** ને મંજુર કરવા બાબતે રાખેલ છે.કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોની મીટીંગ મળનાર છે.

આ માહિતી કંપનીની વેબસાઈટ http://hawaengltd.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ http://www.bseindia.com પર ઉપલબ્ધ છે.

હવા એન્જીનીયર્સ લીમીટેડ વતી
સહી/-
શીતલ દલવાડી
કંપની સેક્રેટરી

તારીખઃ ૩૦-૦૧-૨૦૨૧
સ્થળ : અમદાવાદ

સૂરજપુરામાં બે આખલા બાખડ્યા, એકના પેટનાં આંતરડાં નીકળી ગયાં

દાંતીવાડા, પાલનપુર તાલુકાના સૂરજપુરા ગામમાં રખડતા બે આખલા વચ્ચે ભીષણ લડત થતાં. એક આખલાને બીજાનું શિંગડું વાગતા પેટના ભાગમાંથી આંતરડા પણ બહાર નીકળી ગયા હતા પીડામાં કણસી રહેલા આખલાને ગૌસેવકોને જાણ કરી સારવાર અપાઈ હતી. દાંતીવાડા તાલુકાના ગૌસેવકોને ટેલિફોનથી સૂરજપુરા ગામ દ્વારા બનાવની જાણ કરતા ગૌસેવકો પહોંચ્યા હતા અને જોયું કે આખલો ગંભીર ઈજાઓનો શિકાર બન્યો છે. ત્યારે તેમને ડોક્ટરની જરૂર જણાતા ડીસા જલીયાણા ગૌ શાળાની એમ્બ્યુલન્સ બોલાવી ઘવાયેલા આખલાને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની વેટનરી હોસ્પિટલ ખાતે લાવ્યો હતો જ્યાં ડો પી.બી પટેલ -ેફેસર અને સર્જરી હેડ, ડૉ આરા.એમ પટેલ -ેફેસર ક્લિનિક હેડ, ડૉ આર.કે ગોસાઈ, જે.બી પટેલ તેમજ પી.ટી સુતરીયા, ડૉ.રોહિત ગોસાઈ અને તેમની ટીમે સતત ૩ કલાક સુધી યોગ્ય સારવાર આપ્યા બાદ તેનું ઓપરેશન કરવામાં સફળ રહ્યા હતા. આ અંગે ગૌસેવક માલોસણિયા હિમાલય રમેશભાઈએ જણાવ્યું કે,મને સમજણ આવી ત્યારથી હું ગાયોને તકલીફમાં જોઈ નથી શકતો. હું નિસ્વાર્થ ભાવે ગાયોની સેવા કરું છું ઘણી વખત સેવા આપતા ગાયો દ્વારા તરફડિયા મારતા હું ઈજાઓનો શિકાર થયો છું. પણ ગાયો -ત્યે ઘણો લગાવ છે.દાંતીવાડા તાલુકાના ગૌસેવકોને ટેલિફોનથી સૂરજપુરા ગામ દ્વારા બનાવની જાણ કરતા ગૌસેવકો પહોંચ્યા હતા અને જોયું કે આખલો ગંભીર ઈજાઓનો શિકાર બન્યો છે. એક આખલાને બીજાનું શિંગડું વાગતા પેટના ભાગમાંથી આંતરડા પણ બહાર નીકળી ગયા હતા પીડામાં કણસી રહેલા આખલાને ગૌસેવકોને જાણ કરી સારવાર અપાઈ હતી.

પાલનપુર પાલિકાના વોર્ડ નં.૬થી ૧૧માં ભાજપમાં ટિકીટ માગનારની સેન્સ લેવાઈ

પાલનપુર, પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૬ થી ૧૧માં ભાજપમાંથી ચૂંટણી લડવા ઈચ્છતા હોય તેવા ભાજપના કાર્યકરોના સેન્સ લેવામાં આવ્યા હતા.જેમાં પૂર્વ નગર સેવકો સહીત મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો હાજર રહ્યા હતા. પાલનપુર નગરપાલિકાની ચૂંટણી જાહેર થતા રાજકીય પક્ષો દ્વારા ગતીવીધી તેજ બનાવવામાં આવી છે.જેમાં પાલનપુરની આબુ હાઈવે ઉપર આવેલી હોટલ ખાતે ગુરૂવારે ઉમેદવારોની સેન્સ બેઠકમાં ભાજપના ચૂંટણી નિરીક્ષક તરીકે કાંકરેજ ના ધારાસભ્ય કીર્તિસિંહ વાઘેલા,જીલ્લા ભાજપ ઉપ-મુખ માધુભાઈ રાણા,મહામંત્રી દિલીપભાઈ વાઘેલા સહીતના હોદ્દેદારો દ્વારા વોર્ડ નંબર ૧ થી ૫ માં ભાજપ પક્ષમાંથી ચૂંટણી લડવા ઈચ્છતા હોય તેવા ઉમેદવારોના સેન્સ લેવાની -ક્રીયા હાથ ધરી હતી.જેમાં ૨૨ બેઠકો સામે ૯૦ થી ૯૨ જેટલા વ્યક્તિઓએ પોતાની ઉમેદવારી બતાવી હતી.

જાહેર નોટીસ

ICICI Bank

બ્રાન્ચ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક લી. ઓફિસ નંબર ૨૦૧-બી, ૨જો માળ, રોડ નં.૧ પ્લોટ નં.બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર - ૪૦૦૬૦૪.

નીચે જણાવેલ કરજદારો કે જે બાકી નીકળતી મૂળ રકમ અને વ્યાજ કે જે લોન તરીકે તેમણે સલામત દેવાદાર તરીકે લીધી છે તેઓને ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આ લોન લીધેલી હતી ને હવે લોન નોન પર્ફોર્મીંગ એસેટ (એનપીએ)ના વર્ગમાં લઈ જવામા આવે છે. સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ તેમના મુજબ તેમના જણાયેલા સરનામા ઉપર નોટીસ આપવામાં હતી. તે નોટીસ બજાવ્યા વગર પરત આવી છે અને તે હવે અહી જાહેર નોટીસ દ્વારા માહિતગાર કરવામાં આવે છે.

ક્રમ નં.	કરજદાર/સહ-કરજદાર/જામીનદાર/નું નામ (લોન એકાઉન્ટ નંબર) અને સરનામું	જામીનમાં મુકેલ મિલ્કત/અમલમાં આવનારી મિલ્કતનું સરનામું	નોટીસ આપ્યાની તારીખ/ નોટીસની તારીખે બાકી રકમ .	એનપીએની તારીખ
૧	શૈલેન્દ્ર સિંધ/ગરીન્દ્રજીત કૌર એએ- ૨૯ સરવમ બંગલોઝ એસએન એચ. નં. ૮ ગુજરાત ભરૂચ- ૩૯૨૦૦૧ (LBBRH00002961553- LBBRH00002961555)	પ્લોટ નં. એએ/૨૯, સરવમ બંગલોઝ, ગામ, વડાડલા, આર.એસ. નં.૨૨૧/૨- પૈકી, ભરૂત, ગુજરાત- ૩૯૨૦૦૧.	૨૨ ડિસેમ્બર, ૨૦૨૦ રૂા. ૩૮,૪૪,૪૪૨.૦૦/-	૩૧/૧૦/ ૨૦૧૯
૨	ભરતસિંહ દીપસિંહ ચાવડા/મનહરબા ભરતસિંહ ચાવડા/જીગ્નેશ પંડ્યા- ૧૪/૪૪, બોમ્બે હાઉ. પોલિસ લાઈન ગોમતીપુર, અમદાવાદ- ૩૮૦૦૨૧ (LBABD00001143132)	સબ-પ્લોટ નં. ૨૩, નન્દનવન કો.ઓપ હાઉસિંગ. સોસા.લી.પાર્ટ-૧, સર્વે નં. ૫૯૨, ગામ- નરોડા, જિલ્લો- અમદાવાદ- ગુજરાત- ૩૮૨૩૩૦.	૧૪ ડિસેમ્બર, ૨૦૨૦ રૂા. ૧,૮૫,૫૬૬.૪૭/-	૩૧/૧૦/ ૨૦૧૮

આ નોટીસની વધારાની કાર્યવાહી તરીકે આ પગલુ લેવાયુ છે ઉપરોક્ત કરજદારો અને તેમના જામીનદારો (જેને લાગુ પડતુ હોય તે) તેમને તાકીદ કરવામાં આવે છે કે આ નોટીસ પ્રસિદ્ધ થયાનાતારીખ થી ૬૦ દિવસની અંદર બાકી નિકળતા નાણા ભરી જાય અને તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સિયલ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨મુજબ ૬૦ દિવસની મુદત પુરી થયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૩૦ જાન્યુઆરી, ૨૦૨૧
સ્થળ : ગુજરાત

ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ